## પરિશિષ્ટ-૬

### શ્રી. લાલજીભાઇ નંદાભાઇ દેસાઇ સાથેની મુલાકાત:

પ્રશ્ન : તમે દેશી નાટક સમાજમાં ક્યારે જોડાયા?

ઉત્તર: ડાહ્યાભાઇ ધોળશાજીના ભત્રીજા ચંદુલાલના હાથમાં કંપની આવી ત્યારે ઇ.સ. ૧૯૦૫માં હું દેશી નાટક સમાજમાં જોડાયો. પણ ડાહ્યાભાઇની બધી વાતો શેઠ ચંદુલાલ તેમજ જૂના એક્ટરો પાસેથી સારી રીતે સાંભળેલી. જેટલા બધા સારા માણસો હતા તે એમનાં નાટકો જોતા. જો તે વધુ વખત જીવ્યા હોત તો સંસારને સ્વર્ગ બનાવત. મારા પહેલાં શનિ માસ્તર આ કંપનીમાં હતા. હું "વીણાવેલી" માં વેલીનો પાઠ કરતો હતો. વડોદરામાં મેં "મોહિનીચંદ્ર" માં ગુલઝારનો પાઠ કર્યો હતો અને "વિજયકમળા" માં રોશનઆરાનો પાઠ કર્યો હતો.

પ્રશ્ન: તમે ડાહ્યાભાઇનાં નાટકોમાં સારામાં સારો પાઠ કયો કર્યો હતો ?

ઉત્તર: એ જાણે ડાહ્યાભાઇના ગુજરી ગયા પછી, "ઉદયભાણ" માં ઉદયસિંહનો મારો પાઠ ઉત્તમ છે. એ ખેલ ડાહ્યાભાઇના જીવતાં ફેલ ગયો હતો. એ ખેલ ડાહ્યાભાઇના ગુજરી ગયા પછી, કંપની મુંબઇ ગઇ ત્યારે, મેં આ પાઠ કર્યો હતો.

પ્રશ્ન: ડાહ્યાભાઇનું નટો તરફનું વલણ કેવું હતું ?

ઉત્તર: ડાહ્યાભાઇનું નટ તરફ, નટ, દિગ્દર્શક અને કવિ તરીકે વલણ ખૂબજ સારું હતું. તરગાળાના નાના નાના છોકરાઓને

કંપનીમાં જ તેમણે જનોઇ દીધી હતી. આ મોંઘવારીના જમાનામાં ~~ઘણા~~ અગારે, ટૂંકા હતા, પણ કપડાં લત્તાની તેમજ સાબુની, માથામાં નાખવાના તેલની, અને બિસ્તરાની સગવડ હતી. કંપનીનું સારામાં સારું રસોડું તે રાખતા હતા. પોતે પણ એજ રસોડે જમતા. વારતહેવારોમાં જમણે, પોતે જૈન હોવા છતાં ખૂબ ઉદાર હતા. કંપનીમાં રવિવારે ખેલ ખતમ થતાં રવિવારે રોટલી મળતી. બાકીના બીજા વારોએ રાત્રે ખેલ મોડો પતતો, એટલે દાળભાત શાક મળતાં, વળી આ તો જૈનનું રસોડું હતું એટલે પાંચમે, આઠમે કે ચૌદશે શાક થતું નહોતું, એકલું કઠોળ થતું હતું. એમને ત્યાં ધરમકરમ ખૂબ હતું. વળી, પર્યુષણમાં જે લોકો ઉપવાસ કરતા તેમને એક-એક ઉપવાસ પછી શીરાપુરીનું જમણ મળતું. બીજી કંપનીઓમાં આ કંપની જેવું સારું જમવાનું નહોતું. શરદીના દિવસોમાં દરેકને કરિયાતું પીએ પછીજ બીજું કાંઇ ખાવા-પીવા તે આપતા. આમ અમારા દરેકની-મોટાથી માંડી નાના સુધી સહુની- તે જાતે સંભાળ લેતા.

પ્રશ્ન: ડાહ્યાભાઇની દિગ્દર્શક તરીકે તમારા મન પર કેવી છાપ પડી છે?

ઉત્તર: તેમની દિગ્દર્શનની રીત ખૂબ સારી હતી. તેમના હાથ નીચે સ્ત્રી પાઠ નટ કરતા ત્યારે તે સ્ત્રીભૂમિકાની એક્ટીંગ બતાવતા. ડાહ્યાભાઇ દિગ્દર્શનમાં કોમિક બહુ સરસ બતાવી શકતા હતા. તે દરેક રસ સારા બતાવતા....

તે જ્યારે રિહર્સલ ચલાવતા ત્યારે માણસને રિહર્સલમાંથી ઊઠવું ગમતું નહોતું.

પ્રશ્ન: તમારા મન પર ડાહ્યાભાઇના કયા પ્રસંગોની ઊંડી છાપ પડી છે ? જણાવશો ?

ઉત્તર: મુંબઇમાં છપ્પનિયા દુકાળમાં સવા લાખ રૂપિયા એકઠા કરીને ધર્માદા કર્યાં હતા તે પ્રસંગ હજુ મનમાં છે. એ વખતે ડાહ્યાભાઇનાં ભાષણો ખૂબજ હૃદયસ્પર્શી હતાં. મુંબઇમાં "વીણાવેલી" નો ખેલ જોવા મુંબઇના ગવર્નર આ છપ્પનિયા વખતે આવ્યા હતા. ગવર્નરે તેમને ચાંદ આપ્યો હતો. ગાયકવાડ સરકારે તેમને પંદર હજાર રૂપિયા આપ્યા હતા. ગાયકવાડ સરકારે જિંદગીમાં બે જ નાટક બે વખત જોયાં હતાં: "સરસ્વતીચંદ્ર" અને "વીણાવેલી" ગાયકવાડ સરકાર નાટક જોવા જાય ત્યારે બીજી કંપનીઓને પંદરસો રૂપિયા આપતા, જ્યારે આ કંપનીને તો દર વખત તે હજાર-બે હજાર રૂપિયા આપતા.

પ્રશ્ન: ડાહ્યાભાઇ વિશે ન મળતી હોય એવી હકીકત પર પ્રકાશ પાડી શકશો ?

ઉત્તર: ડાહ્યાભાઇ એક દિવસ ઓટલે દાતણ કરવા બેઠા હતા. શરીરે ઠીક એવો એક ભિખારી તેમની પાસે આવ્યો. તેને એક પૈસો તેમણે આપ્યો. જે ભિખારીને પૈસો આપ્યો હતો તે લુચ્ચો, બદમાશ અને નાલાયક ભિખારી હતો. ધોળશાજીએ ડાહ્યાભાઇને પૈસો આપતા જોયા એટલે પિતાએ પુત્રને બોલાવી કહ્યું, "ચપટી લોટ આપવો કે અનાજ

આપવું, પણ પૈસો કોઈ ભિખારીને આપવો નહીં. દેખાવ પરથી આ ભિખારી લુચ્ચો ને બદમાશ લાગે છે." આ વાતને બીજે જ દિવસે પાછો પેલો ભિખારી આવ્યો અને તેણે પૈસો માંગતાં ડાહયાભાઇએ તેને શિખામણ આપી, "ઇશ્વરે તને શરીર આપ્યું છે, તંદુરસ્તી આપી છે તો તેનો સદુપયોગ કર." પછી પેલો ભિખારી જરા વધુ પડતો બોલ્યો, એટલે ડાહયાભાઇ અને ભિખારી બથંબથા આવી ગયા. નીચે જનાર માણસોએ ધોળશાજીને, ઉપર જોઇને, કહયું, "આ બંનેને છૂટા તો પાડો, શું જોઇ રહયા છો ?" એટલે ધોળશાજીએ જવાબ આપ્યો, "એમાં ડાહયો કોણ અને ભિખારી કોણ એ ક્યાં સમજાય છે ?" આ સાંભળીને ડાહયાભાઇ અંદર ભાગી ગયા. ધોળશાજીએ ડાહયાભાઇને કહયું, "હવે તો ખાતરી થઇને, બેટા, કે આ લુચ્ચો માણસ છે ?"

~~ત્યારપછીથી~~ ત્યાર પછી મોરબી કંપનીમાં વાઘજી આશારામે "પ્રેમીને પત્ર" કાવ્ય વાંચેલું. આથી ડાહયાભાઇ તેમને મળવા ગયા. ત્યાં વાઘજીએ મૂળજીને કહયું, "આ યુવાનડાને તું રાખી લે. તે ઘણો હોંશિયાર માણસ છે." મૂળજીએ એ બાબતનો જેવો જોઇએ તેવો જવાબ આપ્યો નહીં. ડાહયાભાઇ કેશવલાલ શિવરામ અધ્યાપકની કંપનીમાં ભાગીદાર થયા.

ડાહયાભાઇએ નાટકનો ધંધો સ્વીકારતાં ધોળશાજીને એ પસંદ પડયું નહોતું અને બોલેલા, "મેં તને ભણાવ્યો તે આ નાચવા ગાવાના ધંધા માટે નહીં." તે પછી ડાહયાભાઇ ધોળશાજીથી જુદા પડી ગયા અને પોતે કંપનીમાં જ રહેતા. પછી તેમને ખેલોમાં ખૂબ સફળતા મળતી ગઇ. બધા મહાન માણસોમાં તેમના વખાણ થવા લાગ્યા. "અશ્રુમતી",

"સરદારબા", "વીણાવેલી" ખેલો સારા ઉપડયા. પછી "ઉમાદેવડી" ઉપડયો. અને કંપની પાસે એટલા બધા પૈસા આવ્યા કે અત્યારે જ્યાં એમ્પાયર થિયેટર મુંબઇમાં છે તે જગા ડાહયાભાઇએ ખરીદી. ત્રિવોલી થિયેટરમાં "ઉદયભાણ" નું રિહર્સલ ચાલતું. તેમણે નવા થિયેટરનો પાયો ખોદાવવો શરૂ કર્યો. શુકન કરાવી પાયો ખોદાવતા તે જતા હતા ત્યાં તેમની પાઘડી અંદર પડી ગઇ, અને અપશુકન થયા એટલે એ જગ્યા તેમણે વેચી દીધી.

ડાહયાભાઇની તબિયત બગડી. આ સમાચાર સાંભળતાં ધોળશાજી પોતે ડાહયાભાઇ પાસે આવ્યા. આવડા મોટા શરીરવાળા પુત્રને જોઇને તે વાત્સલ્યપૂર્વક તેને ભેટી પડયા અને કહ્યું, " બેટા, મારી ભૂલ થઇ, મને માફ કર". ડાહયાભાઇ બોલ્યા, "અરે પિતા, આપની ભૂલ ? આપની ભૂલ નથી. આપે બહુ સરસ કર્યું. આ ધંધામાં ઘણો સરસ પૈસો મળે છે. ઘણી સરસ નામના નીકળે છે. પુણ્યદાન પણ સારું કરી શકાય છે. પણ આ ધંધામાં ચારિત્ર્ય સારું રહેવું ઘણું જ મુશ્કેલ છે. અને એટલે
પબ્લિકના માણસો અંદરના ~~મોટી~~ ઉંમરના નટોને તેમ જ અંદરના
સુધી કે, મોટી ઉંમરના નટો પબ્લીકને ખરાબ કરે છે"

ડાહયાભાઇના ખેલ જોવા આવનારાઓમાં અમૃત કેશવ નાયક, નથ્થુરામ સુંદરજી વોરે હતા. અમૃત કેશવ નાયક તો ખૂબ વખાણ કરતા હતા, તેમાં તે મારી પાસે "ઉદયભાણ" નો

ગરબો અને "વીણાવેલી" ના ગાયનો ગવરાવતા. સોરાબજી ઓધરા, સોરાબજી કાવ્રક, પારસીઓ ભાટીઆઓ, ખુરશેદજી બાલીવાલા, રૂસ્તમજી સંજાના, કાવસજી ખટાઉ, મુનશી નાઝીરહુસેન, નારાયણપ્રસાદ મહેતાબ મુનશી (જેના "મહા-ભારત" ખેલ ઉર્દૂમાં પડેલા છે) જેવા આવનારાઓમાં મુખ્ય હતા. પૈસાદારની તો પચીસપચીસ, પચાસપચાસ ટિકિટો આગળથી આ કંપનીમાં બુક થતી. કંપનીનું નામ સાંભળી મુંબઇ-અમદાવાદમાં લોકો ગાંડા થતા. ઝાઝે ભાગે આખું કુટુંબ જ નાટક જોવા આવતું......

સહી/- દેસાઇ લાલજીભાઇ નંદાભાઇ,
વડોદરા.

તા. ૨૪-૯-૧૯૭૦.